ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૨૯) અંક નં. ૨૨૧ | ૨૨ ઓક્ટોબર, ૨૦૧૪, બુધવાર ; આસો વદ - ૧૪ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

# આજે જિલ્લા પંચાયતમાં ખેતીવાડી ઉત્પાદન અને સહકાર સમિતિમાં ભાજપનું કમળ ખીલશે

## આ સમિતિ પર કબ્જો મેળવતાં ભાજપ પાસે ચાર સમિતિ થશે : મહિલા બાળ વિકાસની બેઠક ૨૮મીએ મળશે

ગાંધીનગર, તા. ૨૧

ગાંધીનગર જિલ્લા પંચાયતમાં ખેતીવાડી ઉત્પાદન અને સહકાર સમિતિની આજે મળનારી બેઠકમાં સમિતિના ચેરમેન સામે અવિશ્વાસનો પ્રસ્તાવ રજુ થશે.

આજે બપોરે ૧૨ વાગે પંચાયતમાં સમિતિની બેઠક મળશે. જિલ્લા પંચાયતની તવારીખીમાં પ્રથમવાર કોઈ સમિતિના ચેરમેન સામે અવિશ્વાસનો પ્રસ્તાવ રજુ થશે. હાલ આ સમિતિમાં કોંગ્રેસના બે સભ્યો છે અને ભાજપના ત્રણ સભ્યો છે.

જિલ્લા પંચાયતમાં સત્તા પરિવર્તન પછી આજે ભાજપ અવિશ્વાસના પ્રસ્તાવ બાદ બીજી સમિતિ પર કબ્જો જમાવશે. આ પહેલાં ૨૦ મુદ્દા અમલીકરણ સમિતિ પર કબ્જો જમાવ્યો હતો.

ગત સપ્તાહે આ સમિતિની બેઠક મળવાની હતી પરંતુ નોન કોરમ થતાં તે મુલતવી રહી હતી. ભાજપે આ સમિતિના ચેરમેન સામે અવિશ્વાસનો પ્રસ્તાવ દાખલ કર્યો હતો. હવે આજની બેઠકમાં તે ચર્ચામાં લેવામાં આવશે.

મળતી વિગતો પ્રમાણે સમિતિની બેઠકમાં અવિશ્વાસનો પ્રસ્તાવ પસાર થયા બાદ અર્ધા કલાક બાદ પુનઃ સમિતિની બેઠક મળશે અને તેમાં નવા ચેરમેનની નિયુક્તી કરવામાં આવશે.

સમિતિના ચેરમેન પદે નિયુક્તી પ્રદેશ ભાજપ એકમ સાથે પરામર્શ કર્યા બાદ કરવામાં આવશે.

દરમ્યાન મહિલા અને બાળકલ્યાણ વિકાસ સમિતિના ચેરમેન સામે પણ અવિશ્વાસનો પ્રસ્તાવ દાખલ થયેલો છે. આ સમિતિની બેઠક ૨૮મીએ મળવાની છે. જેમાં સમિતિના નવા ચેરમેનની નિયુક્તી થશે.

આમ આ માસના અંત સુધીમાં ભાજપ પંચાયતની ત્રણ મહત્વની સમિતિઓ પર પોતાનો કબ્જો મેળવી લેશે.

ગાંધીનગર જિલ્લા પંચાયતમાં એક સમિતિ કબ્જે કર્યા બાદ ભાજપે હવે વધુ બે સમિતિઓ આ સપ્તાહે કબ્જે કરી અને આગળની કઈ રણનીતિ અખત્યાર કરે છે તેના પર સૌની નજર મંડાયેલી છે.

ખેતીવાડી અને ઉત્પાદન સહકાર સમિતિના ચેરમેનની પસંદગી પણ સવારે જ કરવામાં આવશે તેમ અંતરંગ સૂત્રોમાંથી જાણવા મળેલ છે.

ગાંધીનગર જિલ્લા પંચાયતમાં ભાજપ પાસે હાલ બાંધકામ તેમજ આરોગ્ય અને વીસ મુદ્દા સમિતિ છે. મહિલા અને બાળકલ્યાણ વિકાસ સમિતિ તેમજ ખેતીવાડી સમિતિ કબ્જે કરતાં કુલ પાંચ સમિતિઓ ભાજપ હસ્તક રહેશે. જ્યારે શિક્ષણ અને કારોબારી સમિતિ કોંગ્રેસ હસ્તક છે. આ બે સમિતિઓ કબ્જે કરવા ભાજપની વ્યુહરચના શુ હશે તેને લઈ રાજકીય વાતાવરણ ગરમાયેલુ છે.





દિવાળીનો ઉલ્લાસ - દિપાવલી પર્વની ઉજવણી ઉલ્લાસપૂર્વક આરંભાઈ છે... ઘર-ઘર દિવડા પ્રગટાવાય છે... તો રોશનીનો ઝળહળાટ પણ નગરમાં ઠેર ઠેર નજરે પડે છે... રાત્રે ફટાકડાનો અવાજ દિવાળીના આગમનનો અહેસાસ કરાવે છે... જ્યારે નગરના બજારોમાં કપડાની ખરીદી ઉત્સાહપૂર્વક સૌ કરે છે... મિઠાઈની દુકાનો પર ભારે ભીડ વર્તાય છે... ધનતેરસના દિવસે સોના-ચાંદીના શૉ-રૂમ પર ખરીદીનો ઉમંગ સહજ વર્તાતો હતો. આમ દિવાળીની ઉજવણીનો આરંભ સાર્વત્રિક રીતે અનુભવાય છે.... (તસવીર : કશ્યપ નિમાવત)

# કર્મચારી મંડળો અને સરકાર વચ્ચેની મંત્રણા અનિર્ણિત

ગાંધીનગર, તા. ૨૧

કર્મચારી મંડળો અને સરકાર વચ્ચે ગઈ કાલે યોજાયેલી મંત્રણા બેઠક કોઈ પણ નિર્ણય વગર જ પૂર્ણ થઈ હતી. હવે દિવાળી બાદ મુખ્યમંત્રી સાથે કર્મચારી મંડળોની મંત્રણા બેઠક મળનાર હોવાનું જાણવા મળે છે.

કર્મચારી મંડળના એક આગેવાને જણાવ્યું હતું કે ગઈ કાલે રાજય સરકારના મંત્રીઓ સાથે કર્મચારી મંડળોના આગેવાનોની એક બેઠક મળી હતી. આ બેઠકમાં વિવિધ સંવર્ગના કર્મચારી મંડળો દ્વારા કર્મચારીઓને સ્પર્શતા કેટલાક પડતર પ્રશ્નો અંગે રજુઆત કરવામાં આવી હતી. આ પ્રશ્નો અંગે લંબાણપૂર્વકની ચર્ચાને અંતે રાજય સરકારના મંત્રીઓએ હકારાત્મક વલણ અપનાવ્યું હતું જો કે ગઈ કાલે મળેલી આ બેઠકમાં કર્મચારીઓના પડતર પ્રશ્નો અંગે કોઈ નકકર નિર્ણય લેવામાં આવ્યો નહીં હોવાનું જાણવા મળે છે.

ગઈ કાલે મંત્રણા બેઠકમાં કર્મચારી મંડળો દ્વારા કર્મચારીઓના પડતર પ્રશ્નો અંગે જે રજુઆતો કરવામાં આવી છે અને જે ચર્ચાઓ કરવામાં આવી હતી તે અંગે દિવાળીના તહેવારો બાદ મંત્રીઓ રાજયના મુખ્યમંત્રીને માહીતગાર કરશે અને ત્યાર બાદ મુખ્યમંત્રી સાથે કર્મચારી મંડળોના આગેવાનો સાથે મંત્રણા બેઠક યોજવામાં આવનાર હોવાનું જાણવા મળે છે.

સૌરાષ્ટ્ર રચનાત્મક સમિતિ રાજકોટ સંચાલિત

ગાંધી જયંતિ નિમિત્તે ખાદીમાં વિશેષ વળતર

ગુજરાત ખાદી ૨૫ % વળતર
ગુજરાત ખાદી તૈયાર કપડાં ૨૫ % વળતર
પરપ્રાંત ખાદી ૧૫ % વળતર
પરપ્રાંત ખાદી તૈયાર કપડાં ૧૫ % વળતર
રેશમ ખાદી ૧૫ % વળતર

વ્હાઈટ મેટલ મૂર્તિઓ, ઓક્સોડાઇઝ બેંગલ બોક્ષ, બાજઠ, ચંપલ, ગ્રામોદ્યોગના સાબુ, તલ તેલ, અનાજ, કઠોળ તેમજ ઘઉં, બાજરી, મઠ, અડદનો લોટ અને સરકારશ્રી દ્વારા માન્ય સ્ટીલ તેમજ વુડન ફર્નિચર ખરીદવાનું સ્થળ

ખાદી ગ્રામોદ્યોગ ભવન
સેક્ટર-૧૬, ગાંધીનગર, ફોન નં. ૨૩૨૨૨૩૩૩

ખાદી ગ્રામોદ્યોગ ભવન
સ્વામી વિવેકાનંદ બજાર, કિર્તિધામ સામે, વાવોલ

ગૃહ વસ્તુ ભંડાર
સેક્ટર-૧૬, ગાંધીનગર. ફોન નં. ૨૩૨૨૨૭૬૧

સમય : ૧૦-૩૦ થી ૭-૩૦ ● રીશેષ : ૨-૩૦ થી ૩-૩૦

નોંધ : ત્રણે કેન્દ્રો તા.૧/૧૦/૨૦૧૪ થી ૨૩/૧૦/૨૦૧૪ સુધી વેચાણ ચાલુ રહેશે.

SHRADDHADEEP GREEN CROSS
શ્રદ્ધાદિપ ગ્રીનક્રોસ પેથોલોજી લેબોરેટરી
સેક્ટર-૧૬, ગાંધીનગર
દિવાળીના વેકેશનમાં રાબેતા મુજબ ચાલુ રહેશે. ઈમર્જન્સી ચાર્જ લેવામાં આવશે નહિ.
ફોન : ૨૩૨ ૨૨૪૭૪
ફોન : ૨૩૨ ૨૨૭૭૭

ઓપન ઈન્ટરવ્યુ
એપ્રેન્ટીસ આઈ.ટી.આઈ. NCVT
(૧) આઈ.ટી.આઈ. ફિટર
(૨) વેલ્ડર ગેસ, એન્ડી ઈલેક્ટ્રીક
(૩) ઈલેક્ટ્રીશીયન
(૪) CNC પ્રોગ્રામર કમ ઓપરેટર
(૫) ટીંગ મીંગ વેલ્ડર (એપ્રેન્ટીસ)
તા. ૨૭/૧૦/૨૦૧૪, સોમવારના રોજ સવારે ૯-૧૫ થી સાંજના ૫-૩૦ દરમિયાન બાયોડેટા સાથે રૂબરૂ આવવું.
રવિન્દ્ર શર્મા (સિનિયર મેનેજર)
મે. કલ્પતરુ પાવર ટ્રાન્સમિશન લી.
સેક્ટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૪૧૩૧

ટચુકડી જાહેર ખબર
દર ગુરુવારે-રવિવારે
ગાંધીનગર સમાચાર
ફોન : ૨૩૨૨૨૫૭૧
ફોન : ૨૩૨૩૭૫૭૧
ફેક્સ : ૨૩૨૩૦૫૭૧

બેઠક : નિસર્ગની નિરાંત અને અદ્યતન સુવિધામાં મનોમંથન...
૧૦૦ની ક્ષમતાનો કોન્ફરન્સ હૉલ
YOUR OWN Resort
નિરવતાનો રવ...
bansari Greens
week-end home
ગ્રામભારતી પાસે, અલુવા, ગાંધીનગર-મહુડી રોડ
ફોન - (02764) 261181 / 82 | 99249 31224 | 98258 03299

MRF ZLX FOR CONFIDENCE AT HIGH SPEEDS
MRF ZSPORT
MRF NV SERIES INSPIRED BY THE EXTREME
MUSCLE THE ROAD SUV TYRES from MRF
MRF T&S is equipped with
- Entire Range of Your Favorite MRF Tyres.
- Computerised Wheel Alignment.
- Computerised Wheel Balancing.
- Automatic Tyre Changing.
- Air Conditioned Comfort.
- MRF Trained Service Personnel.
- Nitrogen Air.
- Rim Straightner.
MRF TYRES & SERVICE FRANCHISEE
AMBICA TYRES
Ph.23240507, 23249507 Mo.9998060060
Plot No. 996/2, Sector-5, Pathikashram- Vavol Road Gandhinagar.
Email :ambica2004@gmail.com

ઈશ્વરકૃપા ટાયર સર્વિસ
ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા
એપોલો/બીરલા/સીયેટ કંપનીના અધિકૃત વિક્રેતા
BIRLA TYRES Unbeatable! CEAT
તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે
પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (દુ.) ૨૩૨૬૧૧૬૩, ૨૩૨૨૩૦૪૭, મો. : ૯૪૨૬૫ ૦૭૪૫૨, ૯૯૦૪૦ ૦૦૬૮૯